# શહેર જય રણછોડ... માખણ ચોર...ના નાદથી ગુંજી ઊઠયું

- સે. ૨૨ પંચદેવ મંદિરે સવારે ૭.૧૫ આરતી.
- મેયર રીટાબેન પટેલ, પૂર્વ મેયર પ્રવિણ પટેલ, રથયાત્રા સમિતિના દિનેશ કાપડિયા, વસાહત મંડળના અરૂણ બુચ, ચેતના બુચ, નિશીત વ્યાસ, મિતુલ જોષી અને પંચદેવ યુવક મંડળના યુવાનો સહિત મોટી સંખ્યામાં ભાવિકોની હાજરીમાં રથયાત્રાનું પ્રસ્થાન થયું હતું.
- સે. ૨૨માં વેપારી મંડળ, વસાહત મંડળ, વિદ્યાભારતી અધ્યયન કેન્દ્ર દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાયું હતું.
- સે. ૧૭ના શોપીંગ સેન્ટરના વસાહતીઓ, વેપારીઓ, હનુમાન મંદિરના પુજારી દ્વારા સ્વાગત.
- સે. ૧૬માં સાજન ડાઈનીંગ હોલના વરૂણભાઈ દ્વારા પાણી



ચૌધરી કોલેજની એનએસએસની વિદ્યાર્થીનીઓ દ્વારા રથયાત્રા દરમિયાન થતો કચરો ઉઠાવવાનું અભિયાન શરુ કરવામાં આવ્યું હતું.

અને ચેવડાનું વિતરણ, ટોરેન્ટ પાવર, નાગરિક બેંક, હોટલ મેનેજમેન્ટ, હિંગળાજ સાયકલ સેન્ટરમાં ભગવાનના રથમાં હવા પુરી તિરૂપતી બાલાજી મંદિર, બ્રહ્મસમાજ દ્વારા સ્વાગત અને હેપી યુથ ક્લબ દ્વારા ગાંઠીયા વિતરણ.

- સે. ૧૫ ફતેપુરા દ્વારા મગના અને કાકડીનો પ્રસાદ વિતરણ



## ડીએસપી કચેરીએ કરાયું રથયાત્રાનું સ્વાગત

જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીએ જયારે રથયાત્રા આવી પહોંચી ત્યારે ડીએસપી વતી ડીવાયએસપી એમ. કેરાણા, પીઆઈ ટુંડિયા સાહેબ તથા પીઆઈ-વાયરલેસ પી.સી. વલેરાએ રથયાત્રાનું પરંપરાગત રીતે સ્વાગત કર્યુ હતું આ પ્રસંગે ડીએસપી કચેરીના પોલીસ જવાનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો.

સાથે સ્વાગત.

- સે. ૧૩ શોપીંગ સેન્ટર, વસાહતીઓ, વસાહત મંડળ,



લાયન્સ કલબ દ્વારા રથયાત્રા દરમિયાન લગભગ છ હજાર જેટલા રોપાનું શહેરીજનોને વિતરણ કરવામાં આવ્યું હતું.

વેપારીઓ, પ્રેરણા પ્રગતિ મંડળ, ગુજરાત નાયી વાળંદ સમાજ લિંબચ માતાજી મંદિર, જય અંબે યુવક મંડળ સેવા કેન્દ્ર દ્વારા પૌઆ વિતરણ.

- સે. ૧૨માં શરબત વિતરણ કરી સાંઈનાથ સેવા સમિતિ તેમજ મિત્ર મંડળ, ઠંડી છાશ અને પાણીનુ વિતરણ કરી ભાજપના કાર્યકરો અને ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાંધર દ્વારા સ્વાગત, સે. ૧૨ વસાહત મંડળ, રથયાત્રામાં સેવા આપનાર લાલભાઈ પટેલ, સે. ૧૨ શોપિંગ મંડળ, ગુજરાત રાજપુત સમાજ ગાંધીનગર, ચીપટાઈપ શોપીંગ સેન્ટર અને ઉમિયા માતાજી મંદિર કડવા પાટીદાર સમાજ દ્વારા સામૈયુ કરી સ્વાગત.
- સે. ૫-૬ની ચોકડી પાસે ખોડીયાર મંદિરના સભ્યો અને વસાહતી મંડળ દ્વારા પાણી, બીપીનસિંહ ચાવડા દ્વારા ચા નું



વિતરણ કરી રથયાત્રાનું સ્વાગત.

- સે. ૬માં રોહિતદાસ સેવા સમાજ, વેપારી મિત્ર મંડળ દ્વારા પાણી, બુંદી અને ગાંઠીયા વિતરણ, કોર્પોરેટ હિરલ જોષી અને વસાહતીઓ દ્વારા ફુલોથી સ્વાગત. જયેશભાઈ ચૌહાણ, નવયુવક મંડળ દ્વારા જ ટાઈપ ગવર્મેન્ટ ક્વાટર દ્વારા છાશ વિતરણ, ઠાકોર સમાજ દ્વારા ફરાળી ચેવડો, ૩-સીના વસાહતીઓ દ્વારા છાશ વિતરણ કરી સ્વાગત.
- ઘ-૨ પાસે અરબન ઓટલો (ઈન્ફોસીટી)ના મિત્રો દ્વારા બે જાતના શરબત અને પાણીનું વિતરણ, સાંઈકૃપા લારી ગલ્લા યુનિયન દ્વારા બુંદી વિતરણ, સ્પોર્ટહાઉસ દ્વારા મગ-ચોકલેટ વિતરણ અને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાયું.
- સે. ૨માં વસાહત મંડળ દ્વારા છાશ વિતરણ, સે. ૨/૭ની ચોકડી પાસે ગાંધીનગર લાયોનેસ ક્લબ દ્વારા સ્વાગત

કરવામાં આવ્યું.

- સે. ૭ શોપિંગમાં રાધે મોટર ડ્રાઈવિંગ સ્કૂલ દ્વારા મસાલા છાશનું વિતરણ, સે. ૭ વસાહત મંડળ, વેપારી મંડળ અને કોર્પોરેટર, સંસ્કાર ગૃપ અને સારદાર વલ્લભભાઈ પટેલ વિદ્યા મંદિરના સ્ટાફ અને બાળકો દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાયું.
- સે. ૮ ગાંધીનગર સમાચાર પરિવાર તથા



- સે. ૩૦ ખાતે ડી.જી. વણઝારા પરિવાર દ્વારા રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું હતું અને ભક્તોને બુંદી-છાશનું વિતરણ કરાયું હતું.
- સે. ૩૦ વેપારી મિત્ર મંડળ દ્વારા રથયાત્રામાં જોડાયેલા ભક્તોને છાશ વિતરણ કરવામાં આવી હતી.
- બપોરે ૧.૧૫ કલાકે રથયાત્રા સે. ૨૯ જલારામ ધામ ખાતે પહોંચી ગઈ હતી. જ્યાં મોસાળમાં હજ્જારો ભક્તોએ ખીચડી-શાક-મોહનથાળ અને છાશનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.
- ઈન્દ્રોડાના ટાઈગર ગ્રુપ અને યુવાન દલપત ઠાકોર



જલારામ મંદિર સે-૨૯ દ્વારા રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરી ભગવાન જગન્નાથજીનું મોસાળુ કરવામાં આવ્યું હતું. શહેરના લગભગ ૮ હજાર જેટલા ભાવિકોએ જલારામધામમાં પ્રસાદ લીધો હતો.

તંત્રી કૃષ્ણકાન્ત જહા દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું.

- સે. ૮ વેપારી મિત્ર મંડળ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે વસાહતીઓ દ્વારા ભાવિ ભક્તોને છાશનું

દ્વારા ભક્તો માટે ઠંડા પાણીની બોટલની વ્યવસ્થા કરવામાં આવી હતી.

- મોસાળમાં વિસામા પછી બપોરે બરાબર ૩ ના ટકોરે રથયાત્રાએ



વિતરણ કર્યુ હતુ.

- છ-૩ પાસે રમેસીમ પરિવાર દ્વારા રથયાત્રાનું સ્વાગત કરીને છાશનું વિતરણ કરાયું હતું.
- સે. ૭ શોપીંગ સેન્ટર વેપારી મિત્ર મંડળ દ્વારા ભક્તોને આઈસક્રીમ-કેન્ડી અને ચોકોબારનું વિતરણ કરાયું હતું.
- પોલીસ ભવન પાસે પોલીસ અધિકારીઓ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ભગવાનના દર્શન કરી પોલીસ અધિકારીઓએ ધન્યતા અનુભવી હતી.
- શહેરના જાણીતા રાધે પરિવાર દ્વારા પેંડા પ્રસાદનું વિતરણ ભક્તોને કરવામાં આવ્યું હતું.
- ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ દ્વારા પાણીની બોટલ અને ચેવડાના પેકેટ ભક્તોને આપવામાં આવ્યા હતા.
- પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરીને ભગવાન જગન્નાથની પૂજા-અર્ચના કરવામાં આવી હતી.
- અરબન ઓટલો તરફથી કેળા અને શરબતનું વિતરણ ભક્તોમાં કરવામાં આવ્યું હતું.
- સે. ૨૦ સ્વામીનારાયણ મંદિર ખાતે રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.
- સે. ૨૦ શોપીંગ સેન્ટર પાસે શકુંતલાબેન વણઝારા તરફથી પાણી-લીંબુ શરબત અને પ્રસાદીની વ્યવસ્થા ભક્તો માટે કરવામાં આવી હતી.

## સે-૨૭માં દુર્ઘટના સર્જાતા ટળી..!!

સેકટર-૨૭માં જયારે સોમેશ્વર સોસાયટી પાસેના આંતરિક માર્ગ પર બંને તરફ મોટી સંખ્યામાં મહિલા-બાળકો સહિતના ભાવિકો રથયાત્રાના આગમનની વાટ જોઈ રહ્યા હતા ત્યારે ત્યાં આવી પહોંચેલા ડીજે સાઉન્ડના ટ્રકમાં વાગતા ડીજેથી બે ગાય અચાનક ભડકીને દોડી હતી. રોડની વચ્ચે આવી ગયેલી બંને ગાયો ચોતરફ ભીડ જોઈ વધુ વિમાસણમાં મુકાઈને આમતેમ દોડી હતી અને કોઈને હડફેટે લેશે તેવો ભયનો માહોલ ઘડીક માટે સર્જાય હતો પરંતુ છેવટે બંને ગાયો સેકટરની બહાર જવાના માર્ગ તરફ દોડી જતા સદભાગ્યે દુર્ઘટના ટળી હતી.



## આરતી સાથે જ મંદિરની ધજાઓ બદલાઈ

સવારે જયારે પંચદેવ મંદિરે રથયાત્રાના પ્રસ્થાન પૂર્વે ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી ત્યારે જ પંચદેવ મંદિરની તમામ ધજાઓ બદલવામાં આવી રહી હતી તેથી એક અજબ સંજોગ રચાયો હતો. પંચદેવ મંદિરના પરિસરમાં એક તરફ ભગવાન જગન્નાથજી, બલભદ્રજી તથા સુભદ્રાજીની આરતી ઉતરી રહી હતી અને બરાબર તે જ સમયે બીજી તરફ પંચદેવ મંદિરના ગુંબજ પર નવી ધજાઓ ચઢી હવામાં ફરફરવા લાગી હતી.

પ્રસ્થાન કર્યુ હતુ.

- સે. ૨૮માં પ્રવેશતા બાલોદ્યાન પાસે મુસ્લિમ અગ્રણીઓએ રથયાત્રાનું પરંપરાગત રીતે સ્વાગત કર્યુ હતુ.
- બાલોદ્યાન પાસે જ એકતા યુવક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ કુલ્ફી અને ઠંડા પાણીની બોટલો સાથે રથયાત્રાનો આવકારી હતી.
- સે. ૨૮માં દત્ત મંદિરે રથયાત્રા પહોંચતા જ ઠંડા શરબત સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.
- દત્ત મંદિરથી આગળ વધેલી રથયાત્રાને વરિયા પ્રજાપતિ સમાજની વાડી પાસે પણ લીંબુ તથા વરિયાળીનું શરબત પીવડાવવામાં આવ્યું હતું.
- સે. ૨૭માં પ્રવેશતા આનંદનગરના કમલેશ નાયક, જયેશ નાયક તથા રહીશો દ્વારા છાશથી સ્વાગત કરવામાં આવ્યું હતું.
- સે. ૨૭માં એસઆરપી કોલોનીમાં પ્રવેશતા ચારેકોર ભાવિક ભક્તોની ભારે ભીડ દર્શનાર્થે રાહ જોતી જોવા મળી હતી.
- એસઆરપી ગૃપ દ્વારા પણ રથયાત્રાને છાશ પીવડાવવામાં આવી હતી.
- એસઆરપી ગૃપ દ્વારા આરતી ઉતારવામાં આવી હતી જેમાં પોલીસ બેન્ડની સુરાવલીઓ રેલાઈ હતી.
- શિવશક્તિ સોસાયટીમાં પણ ઠંડી છાશ પીવડાવવામાં આવી હતી.
- સે. ૨૭માં એસ.બી.આઈ.ના એટીએમ સામે બાલ મુકુન્દ ગૃપ દ્વારા છેલ્લા ૧૫ વર્ષની પરંપરા મુજબ ગરમાગરમ ચા સાથે રથયાત્રાને આવકારવામાં આવી હતી જેમાં ૫૬ થેલી દૂધનો ઉપયોગ કરાયો હતો.
- સે. ૨૪/૨૬ ક્રોસ રોડ નજીક વિસત ગૃપ દ્વારા ૧૫૦ લીટર છાશનું વિતરણ કરાયું હતું.
- સે. ૨૪ના કોર્નર ખ-૬ સર્કલે ઈન્ડિયન લાયન્સ સંસ્થા દ્વારા ૨૦૦ લીટર ગુલાબ શરબત તથા અમુલ મસ્તી છાશ પીરસવામાં આવી હતી.
- ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરના પ્રમુખ રાધેશ્યામ યાદવ તથા ઈન્ડિયન લાયોનેસ પ્રમુખ શિલ્પા દેસાઈ સહિતની ટીમે રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.
- ખ-૬ સર્કલે સે. ૨૬ કિસાનનગર વસાહત મંડળ દ્વારા

ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી. જેમાં સે. ૨૫ની સહકાર કોલોની, નવરાત્રિ સમિતિ તથા રામકથા સમિતિ જોડાઈ હતી.

- સે. ૨૫ના પી.બી. પ્રજાપતિ દ્વારા ૧૫ કાર્ટૂન પારલેજી બિસ્કિટનું વિતરણ કરાયું હતું.
- સે. ૨૪માં આદર્શનગર સોસાયટી દ્વારા ચોકલેટ્સના પ્રસાદ અને ઠંડા પાણીની સેવા પુરી પાડવામાં આવી હતી.
- સે. ૨૪માં રામાપીરના મંદિરે રામજીભાઈ દાનાભાઈ ચૌહાણ નામના કડિયા કામ કરતા યુવાને પાણીની ૧૯૦૦ બોટલ્સ વહેંચી હતી.
- રામાપીરના મંદિરે દર અજવાળી બીજે મહાપ્રસાદનું



## એસઆરપી બેન્ડની સુરાવલીઓથી માહોલ ભકિતમય થયો

સેકટર-૨૭માં એસઆરપી કોલોની ખાતે પોલીસ બેન્ડની સંગીતમય સુરાવલીઓ સાથે 'વન પ્લસ થ્રી' ની ગાર્ડ ટીમે સલામી આપી હતી. બેન્ડમાં ૧૭ વાદકોએ વિવિધ વાજીંત્રો સાથે આરતી સહિતની ધૂનો વગાડી હતી. આ પ્રસંગે એસઆરપી કોલોનીના મહાદેવજીના મંદિરે રથયાત્રાનું સ્વાગત કરાયું હતું તથા ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી. એસઆરપી યુનિટના સેનાપતિ વતી એક મહિલા પીઆઈએ સ્વાગતની જવાબદારી નિભાવી હતી.

આયોજન કરાય છે જેનો લાભ આજે રથયાત્રાને મળ્યો હતો.

- શ્રીનગર એકતા કમિટિ, સે. ૨૪ દ્વારા ૧૬૦ કિલો બુંદી-ગાંઠીયાનો પ્રસાદ કરવામાં આવ્યો હતો.
- સે. ૨૪ શાકમાર્કેટ પાસે અચલભાઈ સોની દ્વારા ૫૦૦ લીટર લીંબુ શરબતથી રથયાત્રાનું સ્વાગત કરાયું હતું.
- સે. ૨૪ની સરકારી પ્રા. શાળા નજીકના બાલા હનુમાનજી મંદિર દ્વારા ૮૦ લીટર છાશ વિતરણ કરાઈ હતી.
- ઈન્દિરાનગર વસાહત મંડળ દ્વારા એક ડ્રમ ભરીને શરબત, ૨૦ કિલો જાંબુ અને ૨૦ કિલો કાકડીનો પ્રસાદ કરાયો હતો.
- ટેલિફોન કોલોની પાસેના રામદેવ આશ્રમ પરબની ઝુંપડી દ્વારા ૧૦૦ કિલો સુકી ભાજીનો પ્રસાદ ભાવિકોને ખવડાવાયો હતો.
- સે. ૨૩માં વેપારી એસોસિએશન દ્વારા રસના શરબતથી રથયાત્રાને આવકારવામાં આવી હતી.
- સે. ૨૩ના સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ૨ હજાર પાઉચ છાશ પીરસવામાં આવી હતી.




સંસ્કાર ગૃપ દ્વારા રથયાત્રાનું સ્વાગત બાળકો દ્વારા હાથે બનાવાયેલ ભગવાનની પ્રતિમા અને કાર્ડબોર્ડ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

- સે. ૨૩માં ગોપાલ સ્વીટમાર્ટ પાસે શહેર કોંગ્રેસ અગ્રણીઓએ સ્વાગત કર્યુ હતુ.



- સે. ૨૧માં વિશ્વકર્મા વેપારી એસોસિએશન તથા ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટરના વેપારીઓ દ્વારા રથયાત્રાનું શરબત પીવડાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું.
- રથયાત્રા સે. ૨૭ પછી મોડી પડવાની શરૂઆત થઈ હતી જે અંદાજે નીજ મંદિરે પોણો કલાક મોડી પહોંચી હતી.

## હેપ્પી યુથ કલબની સદભાવના સાથે સ્વચ્છતા

સેકટર-૧૬માં વિદ્યા લાયબ્રેરી પાસે શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ કલબની ટીમે રથયાત્રાનું સ્વાગત કર્યું હતું. ભાવિક ભકતોને તથા રથયાત્રામાં જોડાયેલા સ્વયં સેવકોને તથા મંડળોને ગાંઠીયાનો પ્રસાદ ખવડાવ્યો હતો. રથયાત્રા પસાર થઈ ગયા બાદ હેપ્પી યુથ કલબની ટીમે તે સમગ્ર વિસ્તારની સફાઈ કરી હતી. હેપ્પી યુથ કલબની ટીમમાં એક મુસ્લિમ યુવતિ 'તબસ્સુમે' પ્રસાદ વિતરણની સેવા આપી સદભાવનાનું ઉદાહરણ પુરું પાડયું હતું.



રથયાત્રાની શરૂઆતથી ભાગ લેતા ૮૧ વર્ષીય સુશીલાબેન ભાવસાર જે સેકટર-૧૨માં રહે છે અને તેમનાથી જેટલું ચલાય તેટલું ચાલીને ભગવાનની ભકિત કરે છે.